# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

****************************************************

**1)** નવા આવકવેરા ખરડા **2025** પર લોકસભાની પસંદગી સમિતિ ની બેઠક નવી દિલ્હીમાં શરૂ

**2)** ભારતીય જનતા પાર્ટીએ કૉંગ્રેસ પર પ્રવર્તન નિદેશાલય **E.D.**ને ધમકાવવાના પ્રયાસનો આક્ષેપ લગાવ્યો.

**3)** કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ આજે અરવલ્લીથી સંગઠન સર્જન અભિયાનનો પ્રારંભ કરાવ્યો.

**4)** છત્તીસગઢમાં
સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે માઓવાદી ઠાર, તપાસ અભિયાન યથવાત.

**5)** **I.P.L.**માં આજે દિલ્હી કેપિટલ્સ અને રાજસ્થાન રૉયલ્સ વચ્ચે મુકાબલો.

..........................................................................

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# INCOME TAX MEETING

લોકસભાની પસંદગી સમિતિ નવા આવકવેરા ખરડા 2025 પર નવી દિલ્હીના સંસદ ભવન ખાતે બેઠક કરી રહી છે. 31 સભ્યોની સમિતિનું નેતૃત્વ ભારતીય જનતા પાર્ટીના સાંસદ બૈજયન્ત પાન્ડા કરી રહ્યા છે. સમિતિ સંસદના ચોમાસું સત્રના પહેલા દિવસે પોતાનો અહેવાલ રજૂ કરશે.

આવકવેરા ખરડા 2025નો ઉદ્દેશ આવકવેરા સંબંધિત કાયદાને એકીકૃત અને સુધારવાનો છે. તેને આ મહિને સંસદના અંદાજપત્ર સત્ર દરમિયાન લોકસભામાં રજૂ કરાયો હતો. ત્યારબાદ ખરડાના મુસદ્દાને ગૃહની પસંદગી સમિતિને મોકલાયો હતો.

. . . . . . . . . . . . . . . .

# TELANGANA-ED RAIDS

**સુરાણા ગ્રુપ અને સાઈ સૂર્યા ડેવલપર્સ સાથે સંકળાયેલી મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે, પ્રવર્તન નિદેશાલય- EDએ હૈદરાબાદમાં અનેક સ્થળ પર દરોડા પાડ્યા છે. E.D. હૈદરાબાદ અને સિકંદરાબાદના જોડિયા શહેરોના જુબિલી હિલ્સ અને બોવેનપલ્લી વિસ્તારોમાં બંને જૂથની મિલકતની અલગથી તપાસ કરી રહી છે.**

**સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ, હૈદરાબાદના વેંગલ રાવ નગર સ્થિત અગ્રણી રિયલ એસ્ટેટ કંપની સાઈ સૂર્યા ડેવલપર્સ પર સમયસર સાહસો પૂરા પાડવામાં નિષ્ફળ રહેવા બદલ અનેક ફોજદારી કેસ નોંધાયા**

હતા. તેના માલિક કે. સતીશચંદ્ર ગુપ્તા સામે ગ્રીન મીડોઝ સાહસ છેતરપિંડી માટે કેસ નોંધવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# BJP NATIONAL HERALD

ભારતીય જનતા પાર્ટીએ નેશનલ હેરાલ્ડ મામલે કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સામે આરોપનામું દાખલ કરાયા બાદ; પ્રવર્તન નિદેશાલય- E.D.ને ધમકાવવાના પ્રયાસનો આક્ષેપ લગાવ્યો છે. નવી દિલ્હીમાં આજે પત્રકારોને સંબોધતા ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે કહ્યું, નેશનલ હેરાલ્ડ મામલે E.D.ની કાર્યવાહી એક કાયદાકીય પ્રક્રિયા છે, જેમાં કોંગ્રેસ વિરોધ પ્રદર્શન કે અડચણ ઊભી કરવાનો પ્રયાસ કરી રહી છે. શ્રી પ્રસાદે કોંગ્રેસ પર અનેક ગંભીર આક્ષેપ પણ લગાવ્યા હતા.

## (બાઈટઃ રવિશંકર પ્રસાદ,નેતા,ભાજપ.)

દરમિયાન કોંગ્રેસ પોતાના વરિષ્ઠ નેતાઓ સામે આરોપનામું દાખલ થતાં દેશભરમાં વિરોધ પ્રદર્શન કરી રહી છે. પક્ષે E.D.ની કાર્યવાહીને બદલવાની રાજનીતિ ગણાવી છે. ગઈકાલે E.D.એ દિલ્હીની રાઉઝ એવન્યૂ અદાલતે નેશનલ હેરાલ્ડ અખબાર સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સામે આરોપનામું દાખલ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . .

# ECI-BIHAR POLLS

ચૂંટણી પંચે આગામી બિહાર વિધાનસભા ચૂંટણી માટે તૈયારી શરૂ કરી દીધી છે. આજે રાજ્યના બૂથ લેવલ એજન્ટો માટે બે દિવસનાં તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. નવી દિલ્હીમાં બિહારના 250 થી વધુ બૂથ લેવલ એજન્ટો તેમાં ભાગ લઈ રહ્યા છે.

આ પહેલી વાર છે, જ્યારે પંચ રાષ્ટ્રીય સ્તરે બૂથ લેવલ એજન્ટો માટે આ પ્રકારનો તાલીમ કાર્યક્રમ યોજી રહ્યું છે. 243 સભ્યોની બિહાર વિધાનસભા માટે ચૂંટણી આ વર્ષના અંતમાં યોજાવાની છે.

. . . . . . . . . . . . . . . .

# RAHUL GANDHI GUJARAT

કૉંગ્રેસના સાંસદ અને વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ આજે ગુજરાતના અરવલ્લીના મોડાસા ખાતેથી પક્ષના સંગઠન સર્જન અભિયાનનો આરંભ કરાવ્યો હતો. અરવલ્લીના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે, અભિયાનનો પ્રારંભ કરાવતા પહેલાં શ્રી ગાંધીએ મોડાસા અતિથિ ગૃહ ખાતે વરિષ્ઠ આગેવાનો સાથે બેઠક યોજી હતી. આ અંગે ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અમિત ચાવડાએ માહિતી આપી.

(બાઈટઃ અમિત ચાવડા, કૉંગ્રેસ નેતા)

–

શ્રી ગાંધીએ મોડાસા બાયપાસ માર્ગ પર આવેલા B.A.P.S. સ્વામિનારાયણ મંદિર સભાખંડ ખાતે આજે સવારે જિલ્લાના એક હાજર 200 બૂથ કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ કર્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# DEEP TECH FUND

ઉદ્યોગ સંગઠન PHDCCIના મહાસચિવ અને મુખ્ય કાર્યકારી અધિકારી CEO ડૉ. રણજીત મહેતાએ કેન્દ્રીય અંદાજપત્રમાં જાહેર કરાયેલા 10 હજાર કરોડ રૂપિયાના ડીપ ટેક ભંડોળને દેશના નવીનીકરણ ઇકોસિસ્ટમ માટે ગેમ ચેન્જર ગણાવ્યું છે. શ્રી મહેતાએ જણાવ્યું હતું કે આ ભંડોળ કૃત્રિમ બુદ્ધિમત્તા-AI, રોબોટિક્સ અને ઉત્પાદનમાં ડીપ ટેક

સ્ટાર્ટઅપ્સને સશક્ત બનાવશે અને દેશને વૈશ્વિક ટેક લીડર તરીકે ઉભરી આવવામાં મદદ કરશે.

તેમણે કહ્યું કે આ પહેલ આરોગ્ય અને સરકારી ટેકનોલોજી જેવા ક્ષેત્રને પ્રોત્સાહન આપશે. તેમણે ઉમેર્યું કે, ભારત વિશ્વમાં ત્રીજા ક્રમનું સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ છે અને ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડમાં નોંધાયેલા સ્ટાર્ટઅપ્સની સંખ્યા દોઢ લાખ થઈ છે જે વર્ષ 2016માં 400 હતી.

. . . . . . . . . . . . . . . .

# CHHATTISGARH ENCOUNTER

છત્તીસગઢના બસ્તર વિસ્તારમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે માઓવાદી ઠાર થયા છે. બંને માઓવાદી પર કુલ 13 લાખ રૂપિયાનું ઈનામ હતું. બસ્તર રૅન્જ પોલીસ મહાનિરીક્ષક સુન્દર રાજ પી.એ જણાવ્યું કે, ગત સાંજે કોન્ડાગામ અને નારાયણપુર જિલ્લાની સરહદ પાસે કિલમ-બરગુમ ગામના જંગલમાં અથડામણ થઈ હતી.

જિલ્લા અનામત રક્ષકની એક ટુકડી નક્સલ વિરોધી અભિયાન પર નીકળી હતી, ત્યારે થયેલી આ અથડામણમાં બે માઓવાદી ઠાર કરાયા છે. દરમિયાન માઓવાદીઓના મૃતદેહ, એક એકે-47 રાયફલ અને અન્ય હથિયાર તેમજ વિસ્ફોટકો કબજે કરાયા છે. આ વિસ્તારમાં હજી પણ તપાસ અભિયાન યથાવત્ છે.

. . . . . . . . . . . . . . . .

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ક્રિકેટમાં આજે દિલ્હી કેપિટલ્સ અને રાજસ્થાન રૉયલ્સ વચ્ચે મૅચ રમાશે. નવી દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમમાં રમાનારી આ મૅચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

આ પહેલા ગઈકાલે પંજાબ કિંગ્સે કોલકાતા નાઈટ રાઈડર્સને 16 રનથી પરાજય આપ્યો હતો. ગત રાત્રે ચંદીગઢમાં રમાયેલી આ મૅચમાં પંજાબ કિંગ્સે 112 રનનો લક્ષ્યાંક આપ્યો હતો, જેના જવાબમાં કોલકાતા નાઈટ રાઈડર્સ 15 ઑવર એક બૉલમાં 95 રન જ બનાવી શકી. પંજાબ કિંગ્સ માટે યુજવેન્દ્ર ચહલે ચાર વિકેટ લેતા તેમને પ્લેયર ઑફ ધ મૅચ જાહેર કરાયા હતા.

. . . . . . . . . . . . . . .

# WASHINGTON BAISAKHI

અમેરિકાના ઑલમ્પિયામાં પહેલી વખત સ્ટેટ કૅપિટલમાં બૈસાખીના તહેવારની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમનું આયોજન સિએટલમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ દૂતાવાસ દ્વારા કરાયું હતું, જેમાં વૉશિંગ્ટન રાજ્યના ગવર્નર, લેફ્ટનન્ટ ગવર્નર, રાજ્ય સચિવની સાથે-સાથે રાજ્ય સેનેટર, વૉશિંગ્ટન રાજ્ય વિધાનમંડળના ધારાસભ્યો અને વૉશિંગ્ટનમાં રહેતા સિખ સમુદાયના મુખ્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સંબોધતા વૉશિંગ્ટન રાજ્યના ગવર્નર બૉબ ફર્ગ્યૂસને બૈસાખી સમારોહની પ્રશંસા કરી હતી.

. . . . . . . . . . . . . . .

# LIBYA-BOAT CAPSIZED

લિબિયામાં, દેશના પૂર્વ કિનારે એક હોડી પલટી જતાં ઓછામાં ઓછા 11 લોકોના મોત થયા છે. આ ઘટના પૂર્વ લિબિયાના સિર્તે શહેર નજીક હારાવા કિનારે બની હતી. બચાવ ટુકડીઓએ દરિયામાંથી 11 મૃતદેહ બહાર કાઢ્યા છે.

હોડી દ્વારા ગેરકાયદેસર રીતે યુરોપિયન દેશોમાં પહોંચવાનો પ્રયાસ કરતી વખતે થયેલા બનાવોની શ્રેણીમાં આ તાજેતરની ઘટના છે. ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓ માનવ તસ્કરોને યુરોપ પહોંચવામાં મદદ કરવા મોટી રકમ ચૂકવે છે, અને આ તસ્કરો તેમને ત્યાં મોકલવા ગેરકાયદેસર પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.

. . . . . . . . . . . . . . . .

# NETNYAHU GAZA

ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ગઈકાલે ઉત્તર ગાઝાની મુલાકાત લીધી. દરમિયાન તેમણે યુદ્ધના તમામ ઉદ્દેશને પૂર્ણ થવા સુધી હમાસ સામે સૈન્ય અભિયાન ઝડપી બનાવવાનો સંકલ્પ લીધો હતો. શ્રી નેતન્યાહૂ સાથે સંરક્ષણ મંત્રી, સેના પ્રમુખ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગાઝાના આરોગ્ય અધિકારીઓએ માહિતી આપી કે, 18 મહિનાના ઈઝરાયેલી હુમલામાં મૃતકોની સંખ્યા 51 હજારથી વધુની થઈ છે. શ્રી નેતન્યાહૂએ ઈઝરાયેલી જવાનોની પણ પ્રશંસા કરી હતી. દરમિયાન ઈઝરાયેલી જવાનોનો ગાઝા પટ્ટી પર હુમલો યથાવત્ છે.